

## મોડાસાના સુપ્રસિદ્ધ યાત્રાધામ દેવરાજ મંદિરે ભાદરવી બીજે દર્શનાર્થે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું

સમગ્ર રાજ્યમાં ભાદરવી બીજ ના દિવસે રામદેવપીર મંદિરોમાં ભક્તોની ભારે ભીડ ઉમટી હતી ત્યારે મોડાસા નજીક આવેલા દેવરાજ ધામ, રાજપુર અને બાયલ-ઢાંખરોલ ગામે આવેલા શ્રી રામદેવજી મંદિરમાં ભાદરવી બીજે ભક્તો ની ભારે ભીડ ઉમટી હતી મોડાસાના દેવરાજ મંદિરમાં વહેલી સવાર થી જીલ્લા સહીત આજુબાજુના જિલ્લામાંથી મોટી સંખ્યામાં નેજા સાથે પગપાળા પદયાત્રીઓનો ધસારો જોવા મળ્યો હતો ભાદરવી બીજના પરંપરાગત લોક મેળા માં મોટી સંખ્યામાં અબાલ,વૃદ્ધ સૌકોઈ ઉમટ્યા હતા મોડાસાના ખાલીકપુર ગ્રામજનો દ્વારા સતત પાંચમા વર્ષે ૨૦૦ ફૂટના નેજા સાથે શોભયાત્રા યોજી વાજતે-ગાજતે દેવરાજધામ પહોંચી રામાપીર દેવને નેજો ચઢાવી ધન્યતા અનુભવી હતી દેવરાજ ધામમાં દેવાયત પંડિત ની સમાધિના દર્શનાર્થે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું દેવરાજ મંદિરમાં ભક્તો માટે ભજન સંધ્યા અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું દેવરાજ ધામના મહંત શ્રી ધનગિરી મહારાજના આશીર્વાદ મેળવવા ભક્તોનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

### મોડાસાના ટેડુરી ગ્રામ દૂધ ઉત્પાદક મંડળીના

# સેક્રેટરીની મનમાની મામલે ડીવાયએસપીને રજુઆત

મોડાસા, તા. ૧૧

મોડાસા તાલુકાના ટેડુરી ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં સેક્રટરીની મનમાની અને રીતે કરતા હોવાથી દૂધ મંડળીના ૧૧ સભ્યોમાંથી ૮ સભ્યોએ ફરિયાદ કરવા સાથે મોડાસા ડીવાયએસપીને લેખિત રજુઆત



કરતા રોજમેળ પણ નિયમિત લખવામાં આવતો ન હોવાનો અને દૂધ મંડળીનું મકાન પાકું હોવા છતાં તમામ દૂધ મંડળીના દસ્તાવેજોની સંપૂર્ણ જાળવણી થાય તેમ હોવા છતાં પેટા કાયદા બતાવી દૂધ મંડળીનું દફતર ઘરે રાખે છે. દૂધ મંડળીના સભ્યો કોઈ પણ રજુઆત કરે તો દાદાગીરી મારતા હોવાના અને દૂધ મંડળીનો વહીવટ મનસ્વી કરી ન્યાયની માંગ કરી હતી.

ટેડુરી દૂધ ઉત્પાનદન મંડળીના ૮ સભ્યોના જણાવ્યા અનુસાર આક્ષેપ છે કે, સેક્રેટરી ગ્રાહકો સાથે તકરાર કરે છે અને પગાર પણ નિયમિત કરવામાં આવતો નથી. દૂધ મંડળીની બેઠક પણ દર મહિને બોલાવવાની હોય છે પરંતુ સેક્રેટરી નિયમોને ગોળીને પી ગયો હોય તેવું લાગી રહ્યું છે.

## માલપુરમાં ત્રિવેદી મેવાડા બ્રહ્મસમાજના પ્રમુખની બિનહરીફ વરણી

માલપુર, તા.૧૧

માલપુર ત્રિવેદી મેવાડા બ્રહ્મસમાજના નવા હોદ્દેદારોની વરણી માટે સમાજના અગ્રણીઓની સભા મળી હતી. જે પ્રસંગે સમસ્ત બ્રહ્મસમાજના બંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પ્રમુખ તરીકે કલ્પેશભાઈ (શંભૂભાઈ) બંસીલાલ પંડયા તેમજ મંત્રી તરીકે જયપ્રકાશ જોશીની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જે પ્રસંગે પૂર્વ પ્રમુખ તરીકે રહેલા મહેશભાઈ ઉપાધ્યાય દ્વારા નવા પ્રમુખ શંભુભાઈ પંડયાનું શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે હિન્દુ યુવા વાહીનીના અધ્યક્ષ હર્ષ પંડયા, વિશાલ ગોર, પરીક્ષિત ગોર, નમન પંડયા તેમજ વ્યાપક સંખ્યામાં અન્ય યુવાનો તેમજ બ્રહ્મ અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

# ધનસુરાના ઉજળેશ્વર ગામની બાળકીનુ સ્વાઈન ફલુથી મોત

મોડાસા, તા. ૧૧

ગુજરાતમાં હાલ સ્વાઈનફલુ નામની બીમારી બિલ્લી પગે પેસારો કરી રહી છે ત્યારે અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના ઉજળેશ્વર ગામની ૨ વર્ષની બાળકીને શંકાસ્પદ સ્વાઈન ફ્લુના લક્ષણો જોવા મળતા બાળકીને અમદાવાદની બાળકોની જાણીતી ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવતા ખાનગી હોસ્પિટલના તબીબે સ્વાઈનફલુ પોઝેટીવ હોવાનું જણાવતા અને સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારજનો, ગ્રામજનો અને અરવલ્લી જીલ્લાના પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ખાનગી હોસ્પિટલ દ્વારા તાલુકા આરોગ્ય વિભાગને જાણ કરાતા આરોગ્ય વિભાગ હરકતમાં આવી બાળકીના પરિવારજનોની આરોગ્ય ચકાસણી હાથ ધરી ટેમિફ્લૂ નામની દવા આપી સર્વેની કામગીરી હાથ ધરી ઓબ્જર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે. ગામમાં બાળકો માટે ટેમિફ્લૂ સિરપનો જથ્થો પણ આપવામાં આવ્યો હોવાનો અને તાવ-શરદી અને ખાંસીના લક્ષણો ધરાવતા બાળકોની આરોગ્ય ચકાસણી હાથ ધરવામાં આવ્યું હોવાનું તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા જણાવ્યું હતું અને શંકાસ્પદ સ્વાઈનફલુ લક્ષણો ધરાવતી બાળકીનો સિરોલોજી ટેસ્ટ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવ્યા બાદ સ્વીનફ્લુ કન્ફર્મ છે કે નહિ તે નક્કી થશે હાલ સીઝનલ ફ્લૂ કહેવાય તેમ જણાવ્યું હતું.

ધનસુરા તાલુકાના ઉજળેશ્વર ગામની ૨ વર્ષની બાળકીને સામાન્ય શરદી-ખાંસી અને તાવ જણાતા પરિવારજનોએ પ્રાથમિક સારવાર વિવિધ ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધા બાદ તબિયતમાં સુધારો ન થતા અને બાળકીને ન્યુમોનિયા અને શ્વાસ લેવામાં ભારે તકલીફ જણાતા પરિવારજનો તાબડતોડ અમદાવાદની ખાનગી બાળકોની હોસ્પિટલમાં સારવાર માટે પહોંચતા તબીબને બાળકી સ્વાઈન ફલુના લક્ષણો જણાતા લેબોરેટરી કરાવતા બાળકીને સ્વાઈન ફ્લુનો રિપોર્ટ પોઝેટીવ આવતા તબીબે સઘન સારવાર હાથ ધરી હતી. સારવાર કારગત ન નીવડતા બાળકીનું સ્વાઈન ફલુથી મોત નિપજતા પરિવારજનોમાં ફફડાટ ફેલાયો હતો. ખાનગી હોસ્પિટલના તબીબે આરોગ્ય વિભાગને જાણ કરાતા આરોગ્ય વિભાગ દોડતું થયું હતું અને બાળકીના પરિવારજનો અને આજુબાજુમાં રહેતા લોકોની ચકાસણી હાથ ધરી હતી. ટેમિફ્લૂ આપવામાં આવી હતી.




## મોડાસાના ડૉક્ટર કંપાના યુવાનને શંકાસ્પદ સ્વાઈન ફ્લુ

અરવલ્લી જીલ્લામાં ૨ વર્ષીય બાળકી સ્વાઈન ફ્લુમાં મોત નિપજતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું હતું ત્યારે મોડાસાના ડોક્ટર કંપાના નાસિક રહેતા અને મોડાસા આવેલ યુવાન પણ શંકાસ્પદ સ્વાઈન ફ્લુમાં સપડાતા જીલ્લા આરોગ્ય વિભાગમાં ભારે દોડધામ મચી છે. તાજેતરના વાતાવરણમાં પણ સ્વાઈન ફ્લુ ઝડપથી ફેલાઈ તેવી શક્યાતાઓ રહેલી છે જેથી તંત્ર દ્વારા તેને દાબી દેવાની પુરતી તૈયારીઓ કરવામાં આવી છે. જીલ્લામાં શંકાસ્પદ અને સ્વાઈન ફ્લુ પોઝેટીવ દર્દીઓ માટે આઈસોલેશન વોર્ડ ઉભો કરવામાં આવ્યો છે.



## હિંમતનગરમાં અનામત બચાવો સંદર્ભે રેલી યોજાઈ

એક તરફ હાર્દિક પટેલ પાટીદાર અનામતની માંગ સાથે છેલા ૧૮ દિવસથી ઉપવાસ કરી રહ્યો છે ત્યારે આજે સાબરકાંઠાના હિંમતનગરમાં ઓએસએસ એકતા મંચના નેજા હેઠળ મંગળવારે એસસી, એસટી અને ઓબીસી સમાજના લોકો દ્વારા અનામત મુદ્દે અધિક જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી અનામતમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ન કરવા રાજ્યસરકારને અપીલ કરી છે. હિંમતનગરમાં ટાવરચોકમાં મંગળવારે ઓએસએસ એક્તામંચના નેજા હેઠળ અનામત બચાવોના નારા હેઠળ એક રેલી યોજી જીલ્લા નાયબ કલેકટરને આવેદન આપ્યું હતું. ઓબીસી, એસસી, એસટી એકતા મંચ હેઠળ યોજાયેલી રેલીમાં એસસી, એસટી અને ઓબીસી સમાજના લોકોએ ભેગા થઈ ટાવર ચોક વિસ્તારથી રેલી સ્વરૂપે સુત્રોચ્ચાર કરતા નીકળ્યા હતા જે બહુમાળી ભવન ખાતેની જીલ્લા કલેકટર કચેરી સુધી પહોચી હતી. જેમાં ઠાકોર સેના, એસસી એસટી સમાજના આગેવાનો સહીત ઓબીસી સમાજના લોકો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા તેમજ અનામતમાં કોઈપણ પ્રકારનો સુધારો કે વધારો ન કરવા રાજ્ય સરકારને જણાવ્યું હતું. તેમજ ૪૯ ટકા અનામતમાં ૧૨૯ જાતિ સિવાય અન્ય કોઈ જાતીનો સમાવેશ ન કરવા ઉગ્રપણે રજૂઆત કરી હતી તેમજ જો કોઈ ફેરફાર કરાશે તો ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલનની ચીમકી આપી હતી.

# ખેડબ્રહ્માનું હાઈવે પિકઅપ સ્ટેન્ડ ભંગાર હાલતમાં




ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા આરાધના સિનેમા પાસે બનાવેલ એસ.ટી. પિકઅપ સ્ટેન્ડ શોભના ગાઠીયા સમાન ઉભું છે. આમ જનતાને તેનો ઉપયોગ કરવો હોય તો પણ ના કરી શકે તેવી હાલત છે.

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૩ અંતર્ગત શહેરમાં આરાધના સિનેમા, પેટ્રોલ પંપ, ઊંડવા ખાતે એસ.ટી.પિકઅપ સ્ટેન્ડ બનાવવામાં આવેલ છે.

પરંતુ આરાધના અને ઉન્ડવા ખાતેના સ્ટેન્ડમાં ઝાડી ઝાંખરા ઊગી નીકળ્યા છે. આરાધના સિનેમાવાળા પિકઅપ સ્ટેન્ડમાં ઝાંડી ઝાખરા ઊગી નીકળ્યા હોઈ પિકઅપ સ્ટેન્ડમાં જઈ શકાય તેમ નથી. આગળ મુકવામાં બાકડો પણ છેલા એકાદ વર્ષથી તુટી ગયેલ હોવા છતાં રીપેર કરવામાં આવતો નથી. આ ઉપરાંત ઝાડી ઊગી નીકળી હોઈ ત્યાં સફાઈ પણ ન થતી હોવાથી પારાવાર ગંદકી થાય છે જેને લઈ મુસાફરોને રોડ ઉપર ઉભા રહેવાનો વારો આવે છે.

## ડીસા ખાતે ભુદેવોનો સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમ ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન

બનાસકાંઠાના મુખ્ય વેપારી મથક ડીસા ખાતે ગતરોજ પાંચ પરગણા શ્રીમાળી બ્રાહ્મણ મંડળ દ્વારા આયોજિત સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમ ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન થયો હતો. ભાદરવા સુદ બીજને મંગળવારના રોજ ડીસા શહેરમાં વસતા પાંચ પરગણા શ્રીમાળી બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા સિયારામ મહારાજની ગૌશાળા ખાતે સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે પંડિત દિનેશકુમારની ઉપસ્થિતિમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે ભૂદેવોએ સમૂહમાં જનોઈ બદલી હતી.આ અવસરે ડીસા ખાતે કાર્યરત પરશુરામ મિત્ર મંડળના નવા વર્ષના હોદ્દેદારોની પણ સર્વાનુમતે નિમણુંક કરી પ્રમુખ તરીકેની જવાબદારી શાંતિલાલ ત્રિવેદીને જ્યારે મંત્રી તરીકેની મહત્વની જવાબદારી હસમુખલાલ દવે (ઝેરડાવાળા) ને સોંપાઈ હતી. સમાજના અગ્રણીઓ અને જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સ્પીડબાઈક પર બેસી ત્રણ જિલ્લાઓમાં ચેઈન સ્નેચિંગ કરતા ત્રણ શખ્સો પકડાયા

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠાના હિંમતનગર તથા તલોક પંથકમાં કેટલાંક અજાણ્યા શખ્સો સ્પીડ બાઈકની મદદથી મહીલાઓના ગળામાંથી સોનાના દોરાની લૂંટ કરી ભાગી જતા હતા. જે અંગેની ફરીયાદ પોલીસના ચોપડે નોંધાયા બાદ એલસીબીએ બાતમીને આધારે એક બાળકિશોર સહીત ત્રણ શખ્સોને હિંમતનગરમાંથી સોમવારે ઝડપી લઈ રૂ. ૩.૩૬ લાખનો મુદ્દામાલ કબજે લઈ ત્રણ જિલ્લાઓમાં થયેલી તેર ચેઈન સ્નેચિંગના ગુનાનો ભેદ ઉકેલ્યો છે.

આ અંગે એલસીબીના સુત્રોમાંથી મળેલી માહિતી મુજબ હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાંથી પંદર દિવસ પહેલા એક બાળકિશોર તથા તેના મિત્રએ સ્પીડ બાઈક પર આવીને એકટીવા પર જતી મહીલાના ગળામાંથી સોનાનો દોરો તોડીને ભાગી ગયા હતા. તથા દોઢ વર્ષ પહેલા પણ બાળકિશોર અને તેના મિત્રએ હિંમતનગરની ગોલ્ડન પાર્ક સોસાયટીના નાકેથી પસાર થતી એક મહિલાના ગળામાંથી સોનાના દોરાની લૂંટ થઈ હોવાની ફરીયાદ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ એલસીબીએ સ્પીડ બાઈકના માલિકો અંગે ઊંડો અભ્યાસ કર્યા બાદ વધુ તપાસ આદરી હતી.

દરમ્યાન એલસીબીને સોમવારે એવી બાતમી મળી હતી કે હિંમતનગરના મોતીપુરા સર્કલ નજીકથી નંબર વગરની સ્પીડ બાઈક પર ત્રણ શખ્સો આવી રહ્યા છે. જે આધારે પોલીસે વોચ ગોઠવીને બાતમી મુજબ આવેલા ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા. ત્યારબાદ તેમની સઘન પુછપરછ કરતા બાળ કિશોર સહીત ત્રણેય શખ્સો એકબીજાના મોઢા સામે જોઈને ગલ્લાતલ્લા કરવા માંડ્યા હતા. જેથી પોલીસે લાલ આંખ કરીને પુછપરછ કરતા પકડાયેલા ત્રણ પૈકી કરણસિંહ ઉર્ફે રાક્ષસ જસવંતસિંહ મકવાણા (ઉં. ૨૨ વર્ષ, લહે. અમીનપુર, તા. પ્રાંતિજ) તથા કુંદનજી દશરથસિંહ મકવાણા (ઉં. ૨૩ વર્ષ, રહે. અમીનપુર, તા. પ્રાંતિજ) અને એક બાળકિશોરની ધરપકડ કરી તેમની પાસેથી રૂ. ૭૦ હજારની કિંમતનું નંબર વગરનું બાઈક કબજે લઈ લીધુ હતુ.

ઉપરાંત આ ત્રણેય પાસેથી પોલીસે આઠ સોનાની ચેઈન તથા એક સોનાનું મંગળસુત્ર મળી ૨.૬૬ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો. દરમ્યાન પોલીસે પુછપરછ કરતા તેમની સાથે અમીનપુરના નરેશજી શિવાજી મકવાણા સામેલ હતો. જે નાસતો ફરે છે. જેને પકડવાના ચક્રો પોલીસે ગતિમાન કર્યા છે. પકડાયેલા આ શખ્સોએ તેર ગુના કબુલ્યા હતા. જેમાં તલોદથી હરસોલ તરફ પંદર દિવસ અગાઉ જઈ રહેલી મહિલાના ગળામાંથી સોનાના દોરાની બાળકિશોરે લૂંટ કરી હતી.

આ ત્રિપુટીએ વિસનગર, વિજાપુર, માણસા સહીત તેર સ્થળે સોનાના દોરાની લૂંટ કરી હોવાનું કબુલ્યુ હતુ.


**ગુજરાત સરકાર**

**મહેસૂલ વિભાગ,**

**સચિવાલય, ગાંધીનગર**

**જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

જિલ્લો : અરવલ્લી તા. ૧૩/૮/૨૦૧૮

ક્રમાંક : અમ-૨૦૧૮-૬૨૧-મ-જઅવ-૧૨૧૮-૧૪૦૮-ચ

રાજ્ય સરકારને જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) અન્વયે મળેલી સત્તા અન્વયે એમ લાગે છે કે, આ સાથે જાહેર અનુસૂચિતમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની મોડાસા - શામળાજી નવીન બ્રોડગેજ રેલવે લાઈન નાખવાના જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

૧. આથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી સદરહુ અધિનિયમ તેમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનો ઉપરોક્ત પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

૨. હવે જ્યારે ઉક્ત અનુસુચિત જમીનમાં સુચિત પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની દરખાસ્ત રજૂ થયેલ છે ત્યારે આ પ્રોજેક્ટ માટેસંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસુચિ મુજબનો કુલ વિસ્તાર હે.આરે.ચો.મી. ૭-૪૬-૬૭ તે અરવલ્લી જિલ્લાની હદમાં આવેલ છે.

૩. હવે જ્યારે ઉક્ત પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૭-૪૬-૬૭ જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓ અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

૪. તેથી સદરહુ અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૬ની ગુજરાત અધિનિયમ-૧૨મોની કલમ-૩થી દાખલ કરેલ)થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં મોડાસા - શામળાજી નવી બ્રોડગેજ રેલવે લાઈન બનાવવાના જાહેર હેતુ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસુચિમાં સમાવિષ્ટ થયેલ હે.આરે.ચો.મી. ૭-૪૬-૬૭ જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

**મોડાસા-શામળાજી નવીન બ્રોડગેજ રેલવે લાઈન નાખવાના જાહેર હેતુ માટે.**

**અનુસુચિ**

**જિલ્લો : અરવલ્લી** **તાલુકો : મોડાસા** **ગામ : ટીંટોઈ**

| સર્વે નંબર | જરૂરી જમીનનો વિસ્તાર હે.આરે. પ્રતિ ચો.મી. | સર્વે નંબર | જરૂરી જમીનનો વિસ્તાર હે.આરે. પ્રતિ ચો.મી. |
|---|---|---|---|
| ૧૧૬૪ | ૦-૦૩-૯૮ | ૧૩૦૪ | ૦-૦૫-૧૧ |
| ૧૧૬૬ | ૦-૧૩-૩૩ | ૧૩૦૫ | ૦-૬૫-૦૩ |
| ૧૧૬૭ | ૦-૦૪-૨૨ | ૧૩૦૬ | ૦-૦૯-૯૧ |
| ૧૧૬૮ | ૦-૦૫-૬૨ | ૧૩૨૭ | ૦-૨૩-૩૨ |
| ૧૧૬૯ | ૧-૦૧-૧૮ | ૧૩૩૩ | ૦-૨૩-૪૯ |
| ૧૧૭૧ | ૦-૦૦-૭૪ | ૧૩૩૪ | ૦-૪૩-૯૦ |
| ૧૧૯૧ | ૦-૭૨-૫૦ | ૧૩૩૮ | ૦-૦૭-૬૨ |
| ૧૧૯૩ | ૦-૫૦-૨૭ | ૧૩૪૦ | ૦-૩૯-૨૩ |
| ૧૧૯૫ | ૦-૪૪-૦૬ | ૧૩૪૨ | ૦-૧૮-૯૧ |
| ૧૧૯૮ | ૦-૧૦-૫૦ | ૧૩૪૪ | ૦-૧૭-૨૭ |
| ૧૧૯૯ | ૦-૫૪-૩૩ | ૧૩૪૯ | ૦-૦૨-૮૨ |
| ૧૨૧૯ | ૦-૦૩-૯૦ | ૧૩૫૦ | ૦-૧૩-૪૪ |
| ૧૨૪૦ | ૦-૦૬-૭૨ | ૧૩૫૧ | ૦-૨૫-૩૬ |
| ૧૨૯૬ | ૦-૦૯-૮૬ | ૧૩૫૨ | ૦-૩૩-૯૮ |
| ૧૨૯૭ | ૦-૨૯-૪૦ | ૧૩૬૭ | ૦-૦૬-૯૭ |
| | | કુલ - | ૭-૪૬-૬૭ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એચ. જે. રાઠોડ)

ઉપસચિવ

માહિતી/હિંમત/૩૦૭/૧૮ મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર